જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૬/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૨૬૦/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૦ કેસ કરી ૭૪ વ્યક્તિઓને ઝડપી, ૨૧૩ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૬૧/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૨૬૨/૧૭**

**રામોલઃ** હેતલબહેન વા/ઓ નિલેષભાઇ પટેલ (ઉ.વ.૩૪) (રહે. માણેક કૃપા સ્કુલની સામે, પોલો ગ્રાઉન્ડ, અલ્કાપુરી, હિંમતનગર, સાબરકાંઠા) એ તા.૧૮/૬/૧૭ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને.૨૦૦૯ થી તા.૯/૫/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન હેતલબહેનના પતિ નિલેષભાઈ પટેલ અને સાસુ-સસરા (તમામ રહે. આલોક -૫ વસ્ત્રાલ, અમદાવાદ) એ ભેગા મળી રામોલ વસ્ત્રાલ શાશ્વત મહાદેવ ખાતે હેતલબહેને બુક કરાવેલ મકાન કિમત રૂપિયા ૧૧,૮૫,૦૦૦/- હેતલબહેનની જાણ બહાર વેચી હેતલબહેન સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૨૬૩/૧૭**

**ઈસનપુરઃ** મહેશભાઈ રૂગનાથભાઈ સોમૈયા (રહે. કામેશ્વર પાર્ક સોસાયટી ઘનશ્યામ ટેનામેન્ટની બાજુમા કેનાલ રોડ ઘોડાસર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૬/૧૭ રાતના ૯/૩૦ થી તા.૧૮/૬/૧૭ સવારના ૮/૧૫ વાગ્યા દરમ્યાન ભૈરવનાથ ચાર રસ્તા પાસે ઓમ ટ્રેડર્સ મોહન શોપિંગ સેન્ટર ખાતે આવેલ પોતાની દુકાનનુ શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનનો માલ-સામાન તેમજ CCTV કેમેરા ડિવીઆર બોક્ષ, મોબાઈલ ફોન, સ્કેચ કુપનો અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૮૫,૪૮૫/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.આર.ઝાલા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૬૪/૧૭</u>**

**રીવરફ્રન્ટ ઈસ્ટઃ** તેજપાલસિંહ જસપાલસિંહ સોઢી (રહે. શાહીબાગ ઓફિસ એન્કલવ ઘોડાકેમ્પ રોડ શાહીબાગ) એ રીવરફ્રન્ટ ઈસ્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૬/૧૭ કલાક ૧/૩૦ થી ૨/૧૫ વાગ્યા દરમ્યાનમાં સાબરમતી રીવરફ્રન્ટ ચિલ્ડન પાર્ક સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી લેપટોપ કિમત રૂપિયા ૧૨,૦૦૦/-, સેમસંગ મોબાઇલ ફોન કિમત રૂપિયા ૨૦,૦૦૦/-,રોકડ રૂપિયા ૩૦૦/- સાથે નાનુ પર્સ અને જરૂરી દસ્તાવેઝની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.રાઠોડ ચલાવે છે.

**<u>કરંટ લાગતા મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૬૫/૧૭</u>**

**દાણીલીમડાઃ** શેરબાનુ ઉર્ફે સાહિનબાનુ વા/ઓ ગુલામ કાદર ઘાંચી(રહે. ગલી નં-૨૨ પ્રતાપ કિરાણા સ્ટોરની પાછળ રામરહિમનો ટેકરો દાણીલીમડા) તા.૧૮/૬/૧૭ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઇલેક્ટ્રીક સગડી પર ચા બનાવતા હતા ત્યારે કરંટ લાગ્યો હતો. સારવાર માટે વા.સા.હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એલ.પટણી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.